# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ નો અહેવાલ

અમારી પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ મુખ્ય અતિથિશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં ગામના આગેવાનો, એસએમસી સભ્યો, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થઈ, ત્યારબાદ મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. મુખ્ય અતિથિ શ્રીએ પોતાના વક્તવ્યમાં પ્લાસ્ટિક પ્રદૂષણના પડકારો અને તેના પર્યાવરણ તથા જીવન પર પડતી ગંભીર અસરો વિશે વિસ્તૃત સમજ આપી. તેમણે એકવાર વપરાતા પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરવા માટે સૌને પ્રોત્સાહિત કર્યા. આ સાથે, તેમણે કપડાની થેલી, ધાતુની પાણીની બોટલ, અને અન્ય પર્યાવરણીય વિકલ્પોના ઉપયોગ માટે માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકનો કચરો યોગ્ય રીતે કચરાપેટીમાં નાખવા અને પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં જોડાવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે, પર્યાવરણને અનુકૂળ આદતો કેળવીને 'લાઇફસ્ટાઇલ ફોર એન્વાયરમેન્ટ' (LiFE) નો ભાગ બનવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં, મિશન લાઇફ અંતર્ગતની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી, જેથી બાળકોમાં પર્યાવરણ પ્રત્યે વધુ અસરકારક રીતે જાગૃતિ લાવી શકાય. મુખ્ય અતિથિશ્રીએ સૌને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવવા અને પોતાની આસપાસ મહત્તમ વૃક્ષો વાવીને તેનું જતન કરવા સમજાવ્યા.

પ્રવેશોત્સવ અને સન્માન સમારોહ

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત આંગણવાડીના બાળકો, બાલવાટિકાના વિદ્યાર્થીઓ, ધોરણ ૧ ના વિદ્યાર્થીઓ, ધોરણ ૨ થી ૮ ના વિદ્યાર્થીઓ, અને પુનઃપ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અતિથિઓ, ગામના આગેવાનો અને એસએમસી સભ્યશ્રીઓ દ્વારા શિક્ષણ કીટ આપીને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો. આ પ્રસંગે બાળકો દ્વારા વિવિધ વિષયો પર વક્તવ્ય પણ આપવામાં આવ્યું હતું. ગામના અનુશાળા પરિવાર દ્વારા મહેમાનશ્રીનું સન્માન પુસ્તક ભેટ આપીને કરવામાં આવ્યું હતું.

ગત વર્ષ ૨૦૨૪-૨૫ માં CET, NMMS, જ્ઞાનસાધના, કલામહોત્સવ, ખેલ મહાકુંભ અને એકમ કસોટીમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા. ધોરણ ૩ થી ૮ માં પ્રથમ ક્રમાંકે પાસ

થયેલ વિદ્યાર્થીઓ અને સૌથી વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને પણ મહેમાનશ્રીના હસ્તે ઇનામ અને ભેટ આપવામાં આવી. આ ઉપરાંત, ગામમાં વિવિધ પ્રસંગોપાત તિથિ ભોજન અને શૈક્ષણિક કીટના દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથિનું ઉદ્બોધન અને શાળા પ્રગતિની ચર્ચા

ત્યારબાદ, પધારેલા મહેમાનશ્રી દ્વારા પ્રવેશોત્સવને અનુરૂપ ઉદ્બોધન કરવામાં આવ્યું. તેમણે કન્યાઓને વધુ અભ્યાસ કરવા, વિદ્યાર્થીઓને લગતી સરકારી યોજનાઓ જેવી કે નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજનાનો લાભ મેળવવા, ડ્રોપ આઉટ રેશિયો શૂન્ય થાય, વૃક્ષારોપણ કરવામાં આવે, અને એસએમસી તથા ગ્રામજનો શાળાના વિકાસની ચિંતા કરે અને શાળા પ્રગતિ કરે તેવી અપીલ કરી.

કાર્યક્રમના અંતે, શાળાના શિક્ષકશ્રી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન, ગ્રામજનોની ઉપસ્થિતિ, અને મહેમાનશ્રીના ઉદ્બોધન બદલ આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો. ત્યારબાદ, મહેમાનશ્રીએ શાળા પરિસરની મુલાકાત લીધી અને SMC/SMDC/શાળા સંચાલક મંડળ સાથે બેઠક કરી. આ બેઠકમાં શાળાની વિવિધ સુવિધાઓ વિશે ચર્ચા કરવામાં આવી. SMC સભ્યોએ શાળાના શિક્ષકોની મહેનત, પ્રામાણિકતા, સમયની નિયમિતતા, માયાળુ સ્વભાવ, વિનમ્રતા, અને ગામ તથા વિદ્યાર્થીઓ પ્રત્યેની ચિંતાની પ્રશંસા કરી.

પર્યાવરણ સંરક્ષણ અને 'એક પેડ માં કે નામ' અભિયાન

વૃક્ષારોપણ અંતર્ગત, સ્કૂલ ન્યુટ્રિશન ગાર્ડન ના ઉદ્દેશ સાથે શાળાના પરિસરમાં અને ખુલ્લી જગ્યામાં ટામેટા, દુધી, ધાણા, આદુ, સરગવો, મીઠો લીમડો, જામફળ જેવા વૃક્ષો અને છોડ ઉગાડવા અને તેનું જતન કરવા મહેમાનશ્રી દ્વારા આહવાન કરવામાં આવ્યું. મહેમાનશ્રીએ 'એક પેડ માં કે નામ' થીમ પર તેઓની માતાના નામે વૃક્ષો વાવીને શાળામાં માતૃવન તૈયાર કરવામાં આવે અને આમ તમામ શાળાઓ હરિયાળી બને તે માટે વડાપ્રધાનશ્રી દ્વારા મળેલી પ્રેરણા વિશે પણ સૌને માહિતગાર અને પ્રેરિત કર્યા.

આ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા #Endingplasticpollution ની થીમ પર વિશ્વ પર્યાવરણ દિન ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત, મહેમાનશ્રીએ વિદ્યાર્થીઓમાં 4R (રિફ્યુઝ, રિયુઝ, રિડ્યુસ,

રિસાયકલ) ના સિદ્ધાંતો સ્થાપિત કરવાની અને તેમને પ્લાસ્ટિક કચરાના પડકારો, તેમજ પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા અને જવાબદારીપૂર્વક તેનું સંચાલન કરવાની રીતો વિશે શિક્ષિત કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.

કાર્યક્રમના અંતે, દાતાશ્રી દ્વારા વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનો માટે ખૂબ જ પ્રેરણાદાયક અને યાદગાર બની રહ્યો.